Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# નવમાં ધોરણના વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષય પ્રત્યેના મનોવલણ

**તરન્નુમ આઈ. બુખારી**

**પીએચ.ડી.ની વિદ્યાર્થિની**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

**રાજકોટ**

## સારાંશ

શાળા એ સમાજનું અંગ છે. દેશના ભાવિ નાગરિકોનો મહત્ત્વનો વિકાસ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં થાય છે. બાળ મનોવૈજ્ઞાનિકોના મતે બાળકોમાં આ વર્ષો તેના વિકાસ માટે ખૂબ જ અગત્યના પાયારૂપ છે અને બાળવિકાસના શ્રેષ્ઠ તબક્કામાં વિદ્યાર્થી વિવિધ પ્રકારની ભૂમિકા ભજવે છે. આથી અહીં પ્રત્યેક વિદ્યાર્થીનો અંગ્રેજી વિષય પ્રત્યે મનોવલણ તપાસવાનો પ્રયોજકનો નમ્ર પ્રયાસ કરેલ છે. પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ નવમાં ધોરણના વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષય પ્રત્યેના મનોવલણ પર જાતીયતાની અસર તપાસવાનો હતો. પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર શૈક્ષણિક મનોવિજ્ઞાન અને ભાષા શિક્ષણ હતું. પ્રસ્તુત સંશોધન વ્યવહારિક સંશોધન તથા સંખ્યાત્મક પ્રકારનું હતું. પ્રસ્તુત અભ્યાસમાં રાજકોટ શહેરના નવમાં ધોરણના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંશોધકએ નમૂના તરીકે રાજકોટ શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો હતો. જેમાં નવમાં ધોરણના ૩૨૬ વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરેલા હતા. પ્રસ્તુત સંશોધન વર્તનાત્મક પદ્ધતિ અંતર્ગત સર્વેક્ષણ પ્રકારનું હતું. પ્રસ્તુત અભ્યાસમાં નવમાં ધોરણના વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષય પ્રત્યેના મનોવલણ કોમલ ભાલોડીયા રચિત માપદંડનો ઉપયોગ કરેલ હતો. અભ્યાસના અંતે રાજકોટ શહેરના નવમાં ધોરણના કુમારો અને કન્યાઓની અંગ્રેજી વિષય પ્રત્યેના વલણના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો છે.

## નવમાં ધોરણના વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષય પ્રત્યેના મનોવલણ

### ૧.૦ પ્રસ્તાવના

શાળા એ સમાજનું અંગ છે. દેશના ભાવિ નાગરિકોનો મહત્ત્વનો વિકાસ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં થાય છે. બાળ મનોવૈજ્ઞાનિકોના મતે બાળકોમાં આ વર્ષો તેના વિકાસ માટે ખૂબ જ અગત્યના પાયારૂપ છે અને બાળવિકાસના શ્રેષ્ઠ તબક્કામાં વિદ્યાર્થી વિવિધ પ્રકારની ભૂમિકા ભજવે છે.

વિદ્યાર્થીએ શાળાનો એક અમૂલ્ય હિસ્સો છે જે શાળા સંચાલકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમાજ જેવા ઘટકો સાથે સંકળાયેલ હોય છે. તેથી આ ઘટકોના કેટલાક પ્રશ્નોની જવાબદારી થોડેઘણે અંશે વિદ્યાર્થી પર હોય છે. વિદ્યાર્થીની આ જવાબદારીઓ પ્રત્યેની સભાનતા માટે સતત જાગૃત રહેવું પડે છે. જેથી તેમને તેમના કાર્યમાં સંતોષ પ્રાપ્ત થાય એ ખૂબ જ જરૂરી છે અને તેના આ વ્યાવસાયિક સંતોષને આધારે તે સ્વનો, સમાજનો સર્વાંગી વિકાસ સાધી શકે છે. આથી અહીં પ્રત્યેક વિદ્યાર્થીનો અંગ્રેજી વિષય પ્રત્યે મનોવલણ તપાસવાનો પ્રયોજકનો નમ્ર પ્રયાસ કરેલ છે.

### ૨.૦ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે હતા.

૧. નવમાં ધોરણના વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષય પ્રત્યેના મનોવલણ પર જાતીયતાની અસર તપાસવી.

### ૩.૦ અભ્યાસની ઉત્કલ્પના

સંશોધકે આ મુજબની શૂન્ય ઉત્કલ્પના રચી હતી.

૧. નવમાં ધોરણની કન્યાઓ અને કુમારોની અંગ્રેજી વિષય પ્રત્યેના મનોવલણના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે તફાવત નહીં હોય.

### ૪.૦ ચલ

પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે જાતીયતા જેની બે કક્ષાઓ (૧) કન્યા અને (૨) કુમારો હતા.

પ્રસ્તુત અભ્યાસમાં પરતંત્ર ચલ તરીકે અંગ્રેજી વિષય પ્રત્યેના મનોવલણના પ્રાપ્તાંકો હતા.

**૫.૦ વ્યાવહારિક વ્યાખ્યા**

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ અગત્યના શબ્દોની વ્યવહારુ વ્યાખ્યાઓ આ પ્રમાણે હતી.

**વલણ.** કોઈપણ બાબત પ્રત્યે સહમતી કે અસહમતી દર્શાવવી તે વલણ.

**વલણ માપદંડ.** કોઈપણ જ્ઞાનાત્મક વસ્તુ પ્રત્યે વિચારવાની / અનુભવવાની પ્રત્યક્ષીકરણ પામવાની અને વર્તવાની વ્યવસ્થિત પૂર્વધારણાનું માપન.

**૬.૦ સંશોધનનું ક્ષેત્ર**

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર શૈક્ષણિક મનોવિજ્ઞાન અને ભાષા શિક્ષણ હતું.

**૭.૦ સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત સંશોધન વ્યવહારિક સંશોધન તથા સંખ્યાત્મક પ્રકારનું હતું.

**૮.૦ વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસમાં રાજકોટ શહેરના નવમાં ધોરણના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૯.૦ નમૂના પસંદગી**

સંશોધકએ નમૂના તરીકે રાજકોટ શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો હતો. જેમાં નવમાં ધોરણના ૩૨૬ વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરેલા હતા.

**૧૦.૦ સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન વર્તનાત્મક પદ્ધતિ અંતર્ગત સર્વેક્ષણ પ્રકારનું હતું.

**૧૧.૦ ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં નવમાં ધોરણના વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષય પ્રત્યેના મનોવલણ માપદંડનો ઉપયોગ કરેલ હતો.

**૧૨.૦ માહિતી એકત્રીકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્ર કરવા માટે સંશોધકે પસંદ કરેલી શાળાઓના આચાર્યોનો સંપર્ક કરવા તેમની રૂબરૂ મુલાકાત લીધેલી હતી. પ્રથમ સંશોધનનો હેતુ સમજાવી કસોટીનો પરિચય આપ્યો હતો. ત્યારપછી માહિતી એકત્રિત કરવા દેવાની

મંજુરી મેળવી હતી.

આચાર્યશ્રીએ મંજુરી આપ્યા બાદ ચોક્કસ સમય ફાળવી આપેલ હતો. સંશોધક પોતે આચાર્યશ્રીએ ફાળવેલ સમયે ત્યાં માહિતી મેળવવા માટે હાજર રહ્યા હતા.

સંશોધકે નિશ્ચિત સમયે શાળાએ હાજ રહ્યા બાદ વિદ્યાર્થીઓને વલણ માપદંડ કસોટીની માહિતી આપી ઉત્તરપત્રો ભરવાની જરૂરી માહિતી વિગતે સમજાવી ઉત્તરો કેવી રીતે આપવાના છે તે અંગેની તમામ જરૂરી સૂચનાઓ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરેલ હતી.

આ કસોટીના ઉત્તરો આપવા માટે વિદ્યાર્થીઓને ૩૦ થી ૩૫ મિનિટનો સમય લાગ્યો હતો અને આ રીતે માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

## ૧૩.૦ માહિતીનું પૃથક્કરણ

સંશોધકે વિદ્યાર્થીના અંગ્રેજી વિષય પ્રત્યેનું વલણ જાણવા અભ્યાસ હાથ ધર્યો હતો. જેમાં ૩૨૬ વિદ્યાર્થીઓ પાસેથી જે માહિતી પ્રાપ્ત થઈ તે માહિતીનું પૃથક્કરણ નીચે મુજબ છે.

**સારણી–૧**

**જાતીયતા અનુસાર વિદ્યાર્થીઓની સંખ્યા, સરાસરી, પ્રમાણવિચલન અને ટી–મૂલ્ય**

| ક્રમ | જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧ | કુમારો | ૧૬૩ | ૧૦૭.૬૭ | ૧૫.૧૭ | ૨.૯૫ | સાર્થક તફાવત છે |
| ૨ | કન્યા | ૧૬૩ | ૧૧૧.૯૨ | ૧૦.૮૬ | | |

સારણી–૧ના અભ્યાસ પરથી કહી શકાય કે કુમારોની સંખ્યા ૧૬૩ અને કન્યાઓની સંખ્યા ૧૬૩ હતી. જેમાં કુમારોની સરાસરી ૧૦૭.૬૩ અને કન્યાઓની સરાસરી ૧૧૧.૯૨ હતી. તેમજ કુમારોનું પ્રમાણવિચલન ૧૫.૧૭ અને કન્યાઓનું પ્રમાણવિચલન ૧૦.૮૬ હતું જેના તફાવતનું ટી–મૂલ્ય ૨.૯૫ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાયો હતો અને કન્યા અને કુમારો વચ્ચે તફાવત જોવા મળ્યો હતો.

## ૧૪.૦ તારણો

રાજકોટ શહેરના નવમાં ધોરણના કુમારો અને કન્યાઓની અંગ્રેજી વિષય પ્રત્યેના વલણના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો છે.

## સંદર્ભસૂચિ

ઉચાટ, ડી.એ. (૨૦૧૨). **શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.** (દ્વિતીય આવૃતિ), રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૮). **સંશોધનનું સંદોહન.** રાજકોટ : શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૯–૨૦૦૬). **સંશોધનોનો સારાંશ.** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૮). **સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ?** રાજકોટ : નિજિજન સાયકો સેન્ટર.

દેસાઈ, હ. ગુ. અને દેસાઈ, કૃ. ગો. (૧૯૯૨). **સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ** (૫ મી આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

દોંગા, એન. એસ. (૨૦૧૨). **અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ, વિકાસ, શિક્ષણ પ્રક્રિયા અને માહિતી ટેક્નોલોજી.** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.